**<u>-:: આંક-૬૧ લગત હુકમ ::-</u>**

(૧) હાલની અરજી વાદી તરફથી પોલીસ રક્ષણ સાથે અગાઉ જે માપણી કરાવવાનો આદેશ થયો છે તે માપણીની કાર્યવાહી પોલીસ રક્ષણ સાથે થાય તે માટે કરવામાં આવેલ છે. વાદી તરફથી વિ.વ.શ્રી શાહ તેમજ પ્રતિવાદીઓ તરફથી વિ.વ.શ્રી મેવાડાની રજૂઆત વિડિયો કોન્ફરન્સથી સાંભળી. હાલની અરજી તા. ૨૯/૦૬/૨૦૨૦ ના રોજ ઈ.મેઈલ ધ્વારા અત્રેની કોર્ટને પ્રાપ્ત થયેલ છે,જેની નોંધ કરીએ છીએ.

વિ.વ.શ્રી શાહની રજૂઆત છે કે, કોર્ટના આંક-૫૩ ની અરજી લગતના આદેશ મુજબ ડી.આઈ.એલ.આર.ના સર્વેયર માપણી કરવાના સ્થળ પર ગયા ત્યારે પ્રતિવાદીઓએ માપણી કરવા દીધી નથી અને અવરોધ ઉત્પન્ન કર્યો છે. જેથી પોલીસ રક્ષણ વિના માપણીની કાર્યવાહી થઈ શકે તેમ નથી. જેથી હાલની અરજી કરવાની તેમને ફરજ પડી છે.

વિ.વ.શ્રી મેવાડાની રજૂઆત છે કે, માપણીની કાર્યવાહી સામે તેમને કોઈ વાંધો નથી. પરંતુ કોર્ટનો હુકમ જે આંક-૫૩ ની અરજી લગત કરવામાં આવ્યો છે તે મોજે ચીખલી બ્લોક/સર્વે નં. ૫૨/૧/ પૈકી ૬ ની જમીનની માપણી કરાવવા બાબતે છે. જયારે સ્થળ ઉપર ૫૨/૧ પૈકીની જમીન જે અલગ જ જગ્યાએ છે તેની માપણી કરવાનો પ્રયત્ન થઈ રહયો છે. તેથી પ્રતિવાદીઓએ તેની સામે વાંધો લીધો છે. અન્યથા ૫૨/૧ પૈકી ૬ ની ખેતીની જમીનની

માપણી થાય તેમાં પ્રતિવાદીઓને કોઈ જ વાંધો નથી.

પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી મેવાડાની રજૂઆત બાદ વિ.વ.શ્રી શાહ એ પણ શ્રી મેવાડાની વાતને અનુમોદન આપ્યુ છે અને એવી રજૂઆત કરી છે કે, બ્લોક/સર્વે નં. પર/૧ પૈકી ૬ જે ૧ એકર, પ ગુંઠા જેટલો વિસ્તારની ખેતીની જમીનનો છે તેની જ માપણી તેઓ કરાવવા માંગે છે. પર/૧ પૈકીની બીજી કોઈ જમીનની માપણી કરાવવાની રહેતી નથી.

(૨) ઉભયપક્ષની રજૂઆતો સાંભળ્યા બાદ આંક-પ૩ ની અરજી જે અગાઉ વાદી અને પ્રતિવાદી બંને તરફથી સંયુકત રીતે આપવામાં આવી છે તે અરજી લગત હુકમ વંચાણે લીધો. આ હુકમમાં પણ જે તે વખતના પ્રીસાઈડીંગ ઓફીસરશ્રીનો સ્પષ્ટ આદેશ છે કે, ડી.આઈ.એલ.આર. કચેરીએ રેવન્યુ સર્વે નં. પર/૧ પૈકી ૬, એકર ૧, ગુંઠા પ ની જે ખેતીની જમીન છે તેની માપણી કરાવવાની છે. પક્ષકારો તરફે જે દલીલો થઈ છે તેમાં પણ ઉભયપક્ષ આ બાબતે સંમત છે. સાથે સાથે આંક-પ૭ થી તા. ૧૧/૧૦/૨૦૧૯ ના રોજ ડી.આઈ.એલ.આર. કચેરીના સર્વેયરનો જે પત્ર રજૂ થયો છે તેમાં પણ ઉનાના સર્વે નં. પર/૧ પૈકીની જમીનનો ઉલ્લેખ છે અને આ જ કારણસર કદાચ સ્થળ ઉપર પ્રતિવાદીઓ તરફથી અવરોધ થઈ રહયો છે તેવું દેખાય છે. ઉપરોકત સંજોગોમાં વાદીની હાલની અરજી મંજૂર કરવી ઉચિત જણાય છે. પક્ષકારો વચ્ચે જમીન બાબતે વીખવાદ છે

અને સર્વેયર ધ્વારા સ્થળ ઉપર અવરોધ કે તંગદીલીભર્યુ વાતાવરણ ઉત્પન્ન થાય તેવા સંજોગો તેમના આંક–૫૭ ના પત્રમાં જણાવ્યું છે, તે પરિસ્થિતિને ધ્યાને લેતા વાદીએ જે માંગણી કરી છે તે મુજબ પોલીસ રક્ષણ સાથે બ્લોક/સર્વે નં. ૫૨/૧ પૈકી ૬ વાળી મોજે ચીખલી ગામની ખેતીની જમીનની માપણી કરવા માટે નીચે મુજબનો આદેશ કરું છુ.

**–:: હુકમ ::–**

(૧) વાદીની અરજી આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) વાદીને આદેશ કરવામાં આવે છે કે, તેમણે સ્થળ ઉપર પોલીસ રક્ષણ સાથે માપણી કરાવવાના હેતુ માટે એક પુરુષ કોન્સટેબલ અને એક સ્ત્રી કોન્સટેબલને ચુકવવા પાત્ર ભથ્થાની રકમ જે તે પોલીસ ઓથોરીટીને જમા કરાવવાની રહેશે. વાદીને માપણીના હેતુ માટે પોલીસ રક્ષણ પુરુ પાડવાનું રહેશે.

(૩) વાદી ધ્વારા રકમ જમા થયાથી વાદીને માપણીના હેતુ માટે જણાવેલ તારીખ, સમયે પોલીસ રક્ષણ પુરુ પાડવાનું રહેશે. તે અર્થે જરૂરી પોલીસ યાદી મોકલાવવી.

(૪) ડી.આઈ.એલ.આર. કચેરી, ગીર સોમનાથને પણ બ્લોક નં. ૫૨/૧ પૈકી ૬ વાળી હે.આરે.ચો.મી. ૦–૪૫–૫૩ વાળી જગ્યાની જ માપણી કરવાની છે, તે સંદર્ભે પોલીસ

રક્ષણની ભથ્થાની રકમ જમા થયા પછીથી યાદી લખવી.

આજરોજ તા. ૨૨, જુલાઈ, ૨૦૨૦ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ઉના.
તારીખ: ૨૨/૦૭/૨૦૨૦

**(Virendrasinh Gemalsinh Rana)**
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, ઉના.
કોડ નં.જી.જે.૦૦૯૬૪